Navgujarat Samay

April 28, 2018
Pg.4

EDII

# ઉદ્યોગસાહસિકતા માટે EDII 7,000 યુવાનોને મદદ કરશે

નવગુજરાત સમય > અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ભારત સરકારનાં NSTEDBના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના નેજા હેઠળ દેશના 40 જિલ્લાઓમાં 7,000થી વધારે યુવાનોને ઉદ્યોગસાહસિકતા માટે મદદ કરશે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સરકારે કુલ 115માંથી 40 જિલ્લા માટે રાષ્ટ્રીય સંસાધન સંસ્થા તરીકે EDIIની પસંદગી કરી છે.

સ્થાયી વિકાસમાં ઉદ્યોગ સાહસિક્તાની ભૂમિકા પર ભાર મૂક્તાં ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું કે, “અમારો ઉદ્દેશ આ પ્રોજેક્ટ મારફતે અંતરિયાળ વિસ્તારોમાં નવા રોજગારદાતાઓ પેદા કરવા માર્ગદર્શન આપવાનો છે.”